# મહે. બીજા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
# (શ્રી એમ.એ.કૌશીક) સાહેબની કોર્ટ, મુ.રાજકોટ

**ફો. કે. નં. :૧૭૬૪૦/૧૯**

## આંક–૧ લગત હુકમ

૧) હાલના કામના આરોપી તાઃ.૧૪/૯/૧૯ ના રોજ વીના પાસ પરમીટ પોતાના કબ્જામા દેશી દારૂ લી ૦૫ સાથે મળી આવતા તેઓ સામે રાજકોટ શહેર **તાલુકા** પો.સ્ટે.ધ્વારા પ્રોહી ગુ. રજી. નં.૨૫૫/૧૯ થી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધી અને તપાસના અંતે આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થવા ચાર્જશીટ દાખલ કરેલ છે. ચાર્જશીટ દાખલ થતા ગુનાનું સંજ્ઞાન લઈ અને આરોપીને સમન્સ ઈશ્યુ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૦૭ હેઠળ ચાર્જશીટ ની નકલ પુરી પાડવામાં આવી હતી.

૨) ત્યારબાદ આરોપીએ આજરોજ સ્વૈચ્છીક રીતે કોઈ પણ જાતના દાબ દબાણ વીના પોતે કરેલ ગુનો કબુલ કરતા હોય અને તે બદલ તેઓએ ગુનો કબુલાતની પુરશીશ પણ આપી છે આરોપી પક્ષે રજુઆત કરી છે કે તેઓ ગરીબ વર્ગના છે અને સમગ્ર કુટુંબના ભરણપોષણની જવાબદારી તેના શીરે છે. વધુમાં તેઓનો આ પ્રથમ ગુનો છે. જેથી રહેમ રાખી અને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરી છે.

૩) ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ),૧૧બી મુજબ રાજય સરકારને લેસર કવોન્ટીટી નકકી કરવા માટેની સતા આપવામાં આવી છે. જે સતાનો ઉપયોગ કરી અને રાજય સરકાર ધ્વારા તાઃ ૦૨/૦૭/૧૯ ના નોટીફીકેશનથી ૨૦ લીટર સુધીના કબ્જાના દારૂને લેસર કવોન્ટીટીમાં ગણ્યો છે. પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ),૧૧બી વંચાણે લેતા તેમાં ન્યુનતમ કારવાસની અને દંડની કોઈ જોગવાઈ નથી.

૪) આમ કેસની હકિકત, આરોપીની આર્થીક પરીસ્થીતી તથા સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લઈ આરોપીને નીચે મુજબની સજા કરવામાં આવે તો ન્યાયનો વીશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

૧) આરોપી **સંજયભાઈ નથુભાઈ રાઠોડ** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી એક ના રૂપીયા ૧૦૦/– લખે (કુલ અંકે રૂપીયા બસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરવામાં આવે તો દીવસ ૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ આજરોજ તારીખ : ૦૮ મી, માંહે :ફેબ્રુઆરી, સનેઃ ૨૦૨૦ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૮/૦૨/૨૦૨૦**
**સ્થળ : રાજકોટ**

**(એમ.એ.કૌશીક)**
**રજાં જયુડી.મેજી.ફ.ક.**
**રાજકોટ**